R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 20 DATE: 18-05-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭





## પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીને ભાજપની તાકાતનો પરચો બતાવવા નિકળેલા અમિત શાહની ચુંટણી રેલી અને ત્યારબાદ થયેલા તોફાનો ચુંટણી માહોલમાં અફરા તફરી

લોકસભાની ચુંટણીનો છઠ્ઠો તબક્કો લોહીયાળ પુરવાર થયો છે.ભાજપ અને પશ્ચિમ બંગાળમાં તુલમુલના બે કાર્યકરોની હત્યા કરાઇ હતી. જ્યારે ભાજપના બે કાર્યકરોને ગોળી મારવાની ઘટના નોધાઈ હતી.ભાજપની ઓફિસ પર હુમલો કરાયો હતો. અહીં અનેક મતદાન મથકો પર ભાજપ અને તુલમુલના કાર્યકરો વચ્ચે હિંસાની ઘટનાઓ બની હતી.છઠ્ઠા તબકકામાં ૬૩.૪૮ ટકા મતદાન નોધાયું હતું.પશ્ચિમ બંગાળમાં આઠ સીટો પર મતદાન યોજાયું હતું.ભાજપના ઉમેદવાર ભારતી ઘોષના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો. અને તેમને ઘક્કે ચઢાવાયા હતા.બંગાળની બહુ ચર્ચિત પુર્વ આઈપીએસ ઓફિસર અને ઘાટ્ટલ સીટના ભાજપના ઉમેદવાર ભારતી ઘોષ પર બે વખત હુમલા થયા હતા. તેમના કાફલાને ટીએમસીના કાર્યકરોએ રોક્યો હતો

ભાજપના અધ્યક્ષ અમિત શાહે યોજેલી રેલીમાં બહારથી ગુંડાઓ બોલાવાયા હોવાનો આક્ષેપ બંગાળની સરકારે મુક્યો હતો.પરિણામે રેલી તોફાનોમાં પરિવર્તિત થઈ હતી. આ દરમિયાના ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું સ્ટેચ્યું તોફાનીઓએ તોડી પાડ્યું હતું. જો કે ભાજપે તેનો લાભ લેવા પ્રયત્ન કર્યો હતો પરંતુ તોડફોડમાં ભાજપના કાર્યકરો સંડોવાયા હોવાના સમાચારો પ્રસિધ્ધ થતાં આ બાબત આગળ વધારી શકાઈ નહોતી. જોકે હવે પશ્ચિમ બંગાળની મમતા બેનરજીએ આ બાબતે કેન્દ્ર સરકાર અને ભાજપની સામે મોરચો માંડયો છે. જો કે ઈલેકશન કમિશને એકતરફી નિર્ણય લઈને પશ્ચિમ બંગાળને પરચો દેખાડવાની શરુઆત કરી દીધી છે.

ઈસીએ લીધેલા નિર્ણયોમાં ગૃહ સચિવને તાત્કાલિક અસરથી ફરજમાંથી મુક્ત કરવાનો નિર્ણય લેવાયો છે.ચુંટણી માં સહુ પ્રથમ વાર કલમ ૩૨૪નો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેમ બન્યું છે.

મમતા બેનરજીએ મોદી અને શાહ સામે આક્ષેપો કરતાં જણાવ્યુ હતું કે ચુંટણી પંચ માત્ર આ લોકોના કહેવા પર ખોટા પગલાં ભરી રહ્યું છે.અને બંધારણના દુરપયોગ કરીને દેશને નુકશાન પહોચાડી રહ્યા છે.પરંતુ જન આક્રોશ તેમને છોડશે નહીં.

## હલકી કક્ષાના દારુગોળાની ગુણવત્તાના મામલે ઓર્ડીનન્સ ફેકટરીઓ સામે સેનાનો બળાપો

હલકી કક્ષાના દારુગોળા અને યુધ્ધ ઉપકરણોથી વધી રહેલી દુર્ઘટનાઓ અંગે ભારતીય સેનાએ ચિંતા વ્યક્ત કરી છે. સેનાએ જણાવ્યુ હતુંકે ઉતરતી ગુણવત્તાના દારુગોળાના કારણે વધતી જતી દુર્ઘટનામાં સૈનિકો જાન ગુમાવી રહ્યા છે.સૈનિકો ઘાયલ થઈ રહ્યા છે. આ ઉપરાંત સંરક્ષણ ઉપકરણોને પણ નુકશાન પહોચી રહ્યું છે. સેનાની ટેન્ક,તોપ, એક ડિફેન્સ ગન અને અન્ય યુધ્ધ ઉપકરણો માટે દારુગોળાની સપ્લાઈનુ કામ સરકારી માલીકીની ઓર્ડેનન્સ ફેકટરી બોર્ડ કરે છે મીડીયા અહેવાલ પ્રમાણે સેનાએ આ મામલે સંરક્ષણ મંત્રાલય સાથે વાતચીત કરી છે.

સુત્રોના જણાવ્યા મુજબ ઓર્ડિનન્સ ફેકટરી બોર્ડ દ્વારા સપ્લાઈ કરતા દારુગોળાના કારણે દુર્ઘટનાઓ વધી રહી છે. જેનાથી સેનામાં પોતાના સંરક્ષણ ઉપકરણો પરનો વિશ્વાસ ઓછો થઈ રહ્યો છે. સેનાએ ઓર્ડિનન્સ ફેકટરી દ્વારા દારુગોળાની ગુણવત્તામાં યોગ્ય રીતે લક્ષ નહીં આપવાના મામલે સંરક્ષણ ઉત્પાદન સચિવ અજય કુમાર સમક્ષ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.૧૯ હજાર કરોડ રુપીયાનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા ઓર્ડિનન્સ ફેકટરી બોર્ડ પાસે દારુગોળા બનાવવાની કુલ ૪૧ ફેકટરીઓ છે. જે ૧૨ લાખ સૈનિકો ધરાવતી ભારતીય સેનાને દારુગોળો પુરો પાડે છે.

સુત્રોએ જણાવ્યુ હતું કે ઓર્ડિનન્સ ફેકટરી બોર્ડના દારુગોળાની ગુણવત્તા ઘટવાના કારણે દેશની યુધ્ધ ક્ષમતાઓ પર ગંભીર અસર પડે છે.સેનાની આ ફરિયાદ અંગે સંરક્ષણ ઉત્પાદન સચિવ કુમારે સેનાને પોતાની વિવિધ સમસ્યાઓ રજુ કરવા માટે પણ કહ્યુ હતું.

૧૫ પાનાના પત્રમાં સેનાએ અત્યંત ગંભીર સમસ્યાઓ રજુ કરી છે. જેમાં જણાવાયું છે કે ૧૦૫ એમએમ લાઈટ ફિલ્ડ ગન,૧૭૦ એમએમ એમએમ ૧ મીડીયમ ગન, ૪૦એમએમ એલ-૭૦ એર ડિફેન્સ ગન અને ટી૭૨, ટી-૯૦ અને અર્જુન ટેન્ક સાથે નિયમિત દુર્ઘટનાઓ થતી રહે છે.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## ભારત અને ચીન વચ્ચે આર્થિક અંતર વધ્યું છે : ગ્લોબલ ટાઇમ્સ ચીની મીડીયા

ચીનના સરકારી સમાચાર પત્ર દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળ દરમિયાન ભારત ચીનથી આર્થિક સહિત અનેક રીતે પાછળ રહી ગયું છે. ભારતમાં લોકસભાની ચુંટણી થઈ રહી છે ત્યારે ચીની મીડીયા તરફથી આ રિપોર્ટ આવવો આશ્ચર્યકારક બાબત છે.

ચીનના સરકારી સમાચાર પત્ર ગ્લોબલ ટાઈમ્સમાં છપાયેલા એક અહેવાલમાં લખવામાં આવી રહ્યું છે , ભારત અને ચીન વચ્ચે આર્થિક રીતે અંતર વધી રહ્યું છે.આવી વાત પશ્ચિમી ચીની મીડીયામાં થઈ રહી છે. વર્ષ ૨૦૧૮માં ચીનના અર્થતંત્રનું કદ ૧૩.૬ લાખ કરોડ હતું. જ્યારે ભારતીય અર્થતંત્રનું કદ ૨.૮ લાખ કરોડ હતું. ભારત જો આ અંતર ઘટાડવા માટે માંગે છે તો ભારતનો આર્થિક વૃધ્ધિ દર ચીન કરતાં વધારે હોવો જોઈએ.ચીનના વધતા જતાં વૃધ્ધિ દરને પહોચવુંભારત માટે મુશ્કેલ છે. ૨૦૧૪માં ચીનના અર્થતંત્રનું કદ ૧૦.૩૮ લાખ કરોડ રુપીયા હતું જ્યારે ભારતનું કદ ૨.૦૪ લાખ કરોડ રુપીયા હતું. બંને દેશો વચ્ચેના અર્થતંત્રના કદમાં ૮.૩૪ લાખ કરોડ રુપીયાનો તફાવત હતો જે ૨૦૧૮માં વધીને ૧૦.૮ લાખ કરોડ થઈ જવા પામ્યો છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.૨

# ગરવી નવક્રાંતિ

પશ્ચિમ બંગાળમાં ચુંટણી ટાણે ભાજપ અને તુણમુલ કોગ્રેસના ટેકેદારો વચ્ચે થયેલી અથડામણમાં બે વ્યક્તિઓના મૃત્યુ થયા અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાં ખંડિત કરી દેવાઈ.બેઉ પક્ષોએ પોત પોતાની રીતે એકબીજા પર દોષારોપણ કર્યું.ભાજપના રાષ્ટ્રીય પ્રમુખએ એવો આક્ષેપ કર્યો કે બંગાળમાં ચુંટણી પંચ મુક પ્રેક્ષક બનીને ભુમિકા ભજવી રહ્યું છે. જ્યારે સામે પક્ષે એવો આરોપ મુકાયો છે કે ચુંટણી પંચ માત્ર ભાજપ અધ્યક્ષ અને વડાપ્રધાનની સુચનાઓ મુજબ કાર્યવાહી કરે છે.સરવાળે એવો અર્થ નીકળે કે ચુંટણી પંચની કામગીરીથી કોઈપણ રાજકીય પક્ષ ખુશ નથી.રાજકીય પક્ષો દ્વારા ચુંટણીપંચની આલોચના એ તેમના રાજકીય સ્વાર્થના હેતુસર હોઈ પણ શકે પરંતુ આ વખતની ચુંટણીમાં સૌથી વધારે અપમાનજનક અને ઝેરીલો પ્રચાર થયો છે.તેમ છતાં પણ ચુંટણી પંચે કેટલાક નેતાઓને જ પ્રતિબંધ આપતો આદેશ આપ્યો છે.આ પ્રતિબંધ અસરકારક રહ્યો નથી. પ્રતિબંધ હોવા છતાં કેટલાક નેતાઓએ આ આદેશનું ઉલ્લંઘન કર્યું છે.ચુંટણી પંચે કોડ ઓફ કન્ડકટના ઉલ્લંઘન માટે થયેલી ફરિયાદમાં પણ એટલી ઝડપી રીતે કેટલાક નેતાઓને ક્લીન ચીટ આપી દીધી છે.જેમાં વડાપ્રધાન અને ભાજપના અધ્યક્ષની બાબતે ચુંટણી પંચે એડવાન્સમાં ક્લીન ચીટના કાગળો તૈયાર જ રાખ્યા હોય તેવું જણાયુ છે.તેથી ચુંટણી પંચની કેટલીક કાર્યવાહી હાસ્યાસ્પદ બની છે.ગુજરાતના ભાજપના પ્રદેશ પ્રમુખને ગુજરાતમાં લોકસભા ચુંટણી માટે મતદાન પુરુ થઈ ગયાના કેટલાક દિવસો પછી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવતો આદેશ જારી કરાયો હતો તે તેનું ઉદાહરણ છે.

ચુંટણી પંચની તટસ્થતા માટે આટલા બધા સવાલો ઉભા થાય તે લોકશાહીના હિતમાં નથી જ.આ વખતે ચુંટણી મેદાનો કે શેરીઓ કરતાં સોશિયલ મીડીયામાં વધારે લડાઈ છે. લખલુટ ખર્ચાઓ દેખાવા છતાં ચુંટણી પંચની પહોચ બહાર બધું છે જેને તે અસરકારક રીતે મેનેજ કરી શકે તેમ નથી. ચુંટણી પંચ સમક્ષ બંગાળના ગૃહસચિવ અને ચીફ સેક્રેટરીને તેમના હોદ્દા પરથી ઉતારી દેવા માટે જે ચુંટણી પંચે કાર્યવાહી કરી છે તેમાં કેન્દ્રની સત્તા સ્થાને બેઠેલી ભાજપાનો હાથ દેખાઈ રહ્યો છે.ચુંટણી પંચે કલમ ૩૨૪નો જે ઉપયોગ કર્યો છે તેની પાછળ કોનું ભેજુ કામ કરી રહ્યું છે તે કોની જાણ બહાર છે.ભાજપની કેટલીક હસ્તીઓનું માત્ર કાર્ય ભાજપ સામે લડતા પરિબળોને કોઈપણ રીતે જીતતા અટકાવી દેવા અને તેમને કાયદાના પીજરામાં કેદ કરીને સત્તામાંથી દુર કરી દેવાનું માત્ર કામ કરતા હોય છે.કેટલાક સત્તાધારીઓની હિટલરશાહીથી લોકશાહીનું વસ્ત્રાહરણ થઈ રહ્યું છે તેનો યોગ્ય જવાબ જનતાએ આપવાનો છે.છતાં પણ ઈવીએમ મશીનો ગોલમાલ કરતાં અટકાવાય તે જરુરી છે.ઠેર ઠેરથી ઈવીએમ મશીનોની હેરાફેરી લોકોની સામે થાય છે અને જનતા કશું કરી શકતી નથી.કારણકે અધિકારીઓ અને પોલીસ સત્તાવાળાઓની સાથે મળેલા છે.હારનો સામનો ના કરવો પડે તે માટે કેટલાક સ્થળોએ આવી ગંભીર બાબતો બની રહી છે.તેનો ઉકેલ શું ?ચુંટણી પંચના કાબુ બહારની આ વાત છે.ગુનાહિત ભુતકાળ ધરાવતા કેટલાક નેતાઓને પકડમાં રાખવાનું કામ તેમના હાથની વાત નથી.ચુંટણી પંચે ઉછીના સ્ટાફ પર નિર્ભર રહેવાનું છે. સ્થાનિક સ્તરે થતી ગરબડો પકડવાનું કે સુધારવાનું કાર્ય તે કેવી રીતે કરી શકે ?


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જ્હોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**વિનંતી**
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧


# વફાદારી અને નિષ્ઠા મુલ્યો પ્રત્યે હોવી જોઇએ

કોમનમેનને પ્રાણી સાથે સબંધ છે કારણ માણસ પણ બેપગું પ્રાણી છે.કોમનમેનને ગધેડા જેવો છે.એમ ક્યારેક કહેવામાં આવે છે.કાગડાની જેમ કા....કા... કરે છે.હાથીની જેમ ચાલે છે.ગધેડાની જેમ વૈતરુ કરે છે.ગાય જેવો ગરીબ છ. પાડાની જેમ પડી રહે છે.કે ભેંસ જેવી જાડી છે. આમ વિચિત્ર પ્રાણી સાથેના આવા સબંધથી કોમનમેનનું હુબહુ વર્ણન કરીને ઘણા લેખકો નામના પામ્યા હશે.સમગ્ર પ્રાણીસૃષ્ટિ વિશે વાત કરવાને બદલે આજે તો માત્ર કુતરાની વાત કરવી છે.ગુરુ દત્તાત્રયે કુતરાને ગુરુ તરીકે સ્વીકારેલ તેનુ કારણ તેની સ્વામિભક્તિ હતી. આજે તો ચાંપલુસી, મસ્કાબાજી કે ફેલટરી જેવા શબ્દો વાપરીને સ્વામી ભક્તિ કે શ્વાનવૃત્તિનું અપમાન કરવામાં આવે છે. તમેજ કહો કે ગુરુ દત્તાત્રયે જે વફાદારી માટે શ્વાનને ગુરુપદે સ્થાપ્યા તેવી વફાદારી માટે માણસે ગાળ ખાવાની ? આ તે ક્યાંનો ન્યાય ?

કાગડા બધે કાળા એવી કહેવત છે તેમ. શ્વાન બધે શાણા. એમ કહી શકાય.કારણકે શ્વાન પુંછડી પટપટાવીનો દુશ્મનનો ભસીને, માલિકનેચાટીને,લળી લળીને મીઠા સ્પર્શથી માલિકને રીઝવવા માટે પ્રયત્ન કરે છે.પોતાની વફાદારી પ્રગટ કરે છે. અને પોતાના શાણપણ દ્વારા માલિક પ્રત્યે નિષ્ઠા વફાદારી પ્રકટ કરે છે.કોમનમેન પણ આમ જ કરે તો તેને વખોડવાની વાત કરતાં લોકો લાજતા નથી.વફાદારી માણસને સૌથી મહાન ગુણ છે. એને પ્રકટ કરતાં રહેવામાં શાણપણ છે.આથી જ પોતાના નેતાની હાજરીમાં તેને જયજયકાર કરવાનો વણલખ્યો નિયમ તમામ પક્ષોના કાર્યકરો-નેતાઓ પાળે છે.ધર્મના વડાનો પણ એજ રીતે જયજયકાર કરવામાં આવે છે.પક્ષોના અધિવેશન દરમ્યાન નેતાઓના જયજયકાર કરે છે.આવો જયજયકાર એ વફાદારીના ઉદ્ઘોષ છે. એ વખાણવાપાત્ર છે, વખોડવાપાત્ર નથી.માટે જ શ્વાન જેવી સ્વામી ભક્તિ કે વફાદારી કોમનમેનનો બંધારણીય અધિકાર છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




અમદાવાદ શહેરના ઈતિહાસમાં પણ શ્વાન સાથે સબંધ છે.જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા.અમદાવાદ શહેરના શ્વાન સસલા જેવા નબળા પ્રાણીથી ડરતા હતા.આ ભુમિનું પાણી મજબુત માનવીઓ પેદા કરશે એમ માની બાદશાહે અહમદાબાદ વસાવ્યું. અમદાવાદનો કોમનમેન એ જમાનાાં શ્વાન જેવો જ ડરતો રહે છે.વફાદાર રહે છે.બાદશાહની ઈચ્છા ઝાઝી બર આવી નથી.એ કહી શકાય. પોરબંદરનો વાણીયો નામે મોહનદાસ કરમચંદ ગાંધી અહીં અમદાવાદ આવી વસ્યો એની પાછળનું ગંભીર કારણ ઈતિહાસે નોધ્યું નથી.અમદાવાદની જનતાની શ્વાનવૃત્તિ-વફાદારી ઉર્ફે શ્વાનદારી ધન્ય છે. ગાંધીજીની ગુણગ્રાહી વૃત્તિને.

લાંચ-રુશ્વત એ વૈશ્વીક વ્યવહાર છે.આ વ્યવહાર માણસ-માણસ વચ્ચેના સબંધનો હોવા છતાં, શ્વાનને ભાંડવામાં આવે છે.પોતાનુ કામ કઢાવવા કોઈ લાંચ આપે અને અમલદાર લે તે વ્યવહાર થયો. પણ વેપારી પોતાના ચોપડામં આ ખર્ચ કુતરાના રોટલા ખાતે ઉધારે છે.અહીં કુતરાનો કોઈ વાંક ખરો ? વફાદારીના રોટલા તો મળે જ મળે. અમલદાર કામ કરે તે વફાદારીનુ વળતર આપે તે વફાદારી પ્રગટ કરવાનો પ્રકાર છે.ઈન્ડીયન્સ એન્ડ ડોગ્સ આર નોટ એલાવ્ડ એવું બોર્ડ અંગ્રેજોએ પોતાના કલ્બના દરવાજે લટકાવતા.આની પાછળ કદાચ એવું કારણ હોય કે નજીક આવવાથી શ્વાનો કે ઈન્ડીયનોની વફાદારીનો ચેપ લાગે .ઈન્ડીય શ્વાન કે ઈન્ડીયન કરડવાનો ડર પણ કદાચ કારણભુત હશે આ વિશે ઈતિહાસકારોએ સંશોધન કરવા જેવુ ખરું.

જ્યારે વફાદારી કે શ્વાનદારી વિશે વિચાર કરવાનો હોય ત્યારે લગ્નમાં વફાદારીનો અવશ્ય વિચાર આવે. આ બાબતમાં મર્યાદા પુરષોત્તમ રામ એક પત્નીવ્રત પાળનારા આર્દશ પુરુષ હતા.પણ હવે ધીમે ધીમે લગ્ન સંસ્થામાં આ ગુણને આર્દશ ગણવાને બદલે બંધન ગણવાની ફેશન પ્રવર્તે છે.કેટલાક કિસ્સાં તો ભાદરવા માસે સ્વછંદાચાર કરતા શ્વાન જેવો આચાર કરતાં પુરુષ કે સ્ત્રી સમગ્ર શ્વાન સમાજના સદગુણો પર કલંકની કાલિમા ચોપડે છે. એ શ્વાનદારીના વંશપરંપરાગત વારસાને પણ લાંછન લગાડે છે.નાણા વગરનો નાથીયો. નાણે નાથાલાલ. ની જેમ પુછડી વગનો ડાઘિયો લાગે બાપાલાલ. આમ.બાધા લાગવાનુ કારણ એ કે પુંછડી પટપટાવીને જ વફાદારી દર્શાવી શકાતી હોય છે.પુંછડી પટપટાવવી કે તો સાંકેતિક શબ્દ છે એ માટેના અનેક પ્રકારના હાવભાવ કોમનમેને વફાદારી દર્શાવવા વિકસાવ્યા છે.નોબેલ પુરસ્કાર વિજેતા ગ્રેબ્રિયેલા મિસ્તરોલ નામના કવિયત્રીએ પોતાના પ્રેમીને માટે પ્રાર્થના કરતાં લખ્યુ છે કે હે પ્રભુ, સ્વામીભક્ત કુતરાની જેમ હુ તારા પગ ચાટીશ.કોમનમેન પણ પગ ચાટીને પોતાની વફાદારી સિધ્ધ કરવા તૈયાર હોયછે. કારણ સ્વામી એને માટે પ્રભુનું બીજુ સ્વરુપ હોય છે.

રાજકારણમાં કે નોકરીમાં વફાદારીમાં ગતિશીલતા ગુણ ગણાય છે.આથી જ કહેવાય છે કે ઈન્દ્રાણીને ઈન્દ્રાસન સાથે સબંધ હોય છે.ઈન્દ્ર સાથે નહી.રાજકારણાં પક્ષપલટા કે જુથ પલટા વાસ્તવિક ઘટના છે.સરકારમાં અધિકારીઓ પણ પ્રધાન બદલાય તેમ વફાદારી બદલતા હોય છે.તેમ કરવામાં જ તેમનું ભલુ રહેલું છે. ચેખોવની એક પ્રસિધ્ધ વારતા રખડતા કુતરા વિશે છે.રખડતું કુતરુ કરડવાની ફરિયાદ થતા કુતરાના માલિકની શોધ ચાલે છે.કુતરાનો માલિક કોમનમેન છે.એમ જણાતાં પોલીસ દબડાવે છે.પણ કોઈક કહે છે કે આ કુતરુ તો પોલીસવડાનું છે ત્યારે તે કુતરાને પ્રેમ કરે છે.અને ફરિયાદીને દબડાવે છે.કુતરાના માલિકી વશે જુદી જૂદી માહિતી પ્રમાણે કુતરા પ્રત્યેનું અને ફરિયાદી પ્રત્યેનું પોલીસનું વલણ બદલાય છે.આ પ્રકારની ગતિશીલ વફાદારી કોમનમેનનું લક્ષણ છે.કોમનમેન કંઈ વફાદારીને વફાદાર નથી.પોતાના હિતનો વફાદાર છે.સમજયા ! કોમનમેનની વફાદારીને અનો શ્વાનની સ્વામીભક્તિના સબંધ વિશે આટલી વિશદ ચર્ચા કર્યા પછી હવે શ્વાન વિશેની કેટલીક કહેવતો : દરેક કુતરો પોતાની ગલીમાં સિંહ હોય છે. માનવી અને કુતરાની લડાઈમાં પ્રથમ બટકું ભરવાનો હ્કક કુતરાને છે.દરેક કુતરો સાથે સુવે તેમણે જુ સાથે ઉઠવાની તૈયારી રાખવી. ઘણીવાર સારુ હાડકુ નબળા કુતરાના મોમાં જઈ પડતું હોય છે. બુઢ્ઢા કુતરો નવી ટ્રીકો શીખવાડી શકાતી નથી.ગમાણનો કુતરો નખાય, ન ખાવા દે. મને પ્રેમ કરો, મારા કુતરાને પ્રેમ કરો.

હસમુખ પટેલ(સૌ. સંદેશ)

## ઓડીશાના છેલ્લા દાયકાના સૌથી વિકરાળ વાવાઝોડાથી ભારે નુકશાન

ફણી નામના વાવાઝોડાથી દેશના દક્ષિણી રાજ્યોમાં ભારે વિનાશ વેર્યો હતો.જો કે સરકારોએ અગમચેતી વાપરીને લોકોને સહીસલામત જગ્યાઓ પર ખસેડ્યા હોવાની ભારે જાનહાનિ થઈ નહોતી.જો કે ઓડિશા રાજ્યમાં ભારે વિનાશ વેર્યો હતો.તામિલનાડુ, પશ્ચિમ બંગાળ વિગેરે રાજ્યોમાં ૨૦૦ માઈલની ઝડપે આવેલા ફણી વાવાઝોડાને કારણે ભારે નુકશાન પહોંચ્યું હતું. ઓડીસાં સરકારે ૧૨ લાખથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા.અને તેમને ઉંચા સ્થળે કેમ્પમાં લઈ જવાયા હતા.

## ગુજરાતમાં ચારે કોર પાણીની અછતથી પરેશાન ગૃહિણીઓ આક્રોશ વ્યક્ત કરી રહી છે

ગુજરાતની જીવાદોરી સમાન ગણાતી નર્મદા ડેમની પાછળ અબજો રુપીયાનું આંધણ કરીને,તેમજ નર્મદાનીર અને માતાના નામે મતો રળી લેનારા ગુજરાતના નેતાઓને હાલમાં જળ વ્યવસ્થા સુપેરે ગોઠવવાના ફાંફા પડી રહ્યા છે. ગામડાઓની ગૃહિણીઓ પાણી માટે કેટલી તકલીફો ભોગવી રહી છે તેનો અંદેશો વ્યવસ્થાતંત્રને નથી.લાંબી મજલ કાપ્યા પછી પાણી મળે તે જરુરીયાત કરતાં પણ ઓછું હોય છતાં ચલાવી લેવું પડે.ખેડુતોને તો પાણી ક્યારનું ખેતી માટે આપવાનું સરકારે બંધ કર્યુ હતું. પીવાના પાણીની સમસ્યા ઉકેલવા માટે ખાસ આયોજન અને વ્યવસ્થા જરુરી છે.આવનાર સમયે પાણી માટે લોકોને પરેશાન કરશે.

## દેશભરમાં નવા વાહનોના રજીસ્ટ્રેશન પર હાલમાં કેન્દ્ર સરકારનો પ્રતિબંધ

વાહન ડેટા બેઝ સાથે હાઈ સિક્યોરીટી રજીસ્ટ્રેશન પ્લેટ નહીં સાંકળવા માટે દેશભરમાં તમામ પ્રકારના મોટર વ્હિકલને સર્ટી.ઓફ રજીસ્ટ્રેશન(આરસીબુક) જારી કરવાનુ સ્થગિત કરવામાં આવ્યું છે.જોઈન્ટ ટ્રાન્સપોર્ટ કમિશ્નર રાજીવ પુથાલથે જણાવ્યુ હતું કે કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલયના આદેશ પર નેશનલ ઈન્ફમેટિક્સ સેન્ટરએ ટ્રાન્સપોર્ટ મિશન મોટર પ્રોજેક્ટની અખિલ ભારતીય એપ્લિકેશન વાહનનું એસેસ બ્લોક કરી દીધું છે.વાહન ડેટા બેઝ સાથે રજીસ્ટ્રેશન પ્લેટ સાંકળવાના મામલે ૪ એપ્રિલના રોજ દિલ્હીમાં માર્ગ અને પરિવહન મંત્રાલયના સંયુક્ત સચિવના નેતૃત્વમાં લેવાયેલા નિર્ણયને આધારે દેશમાં તમામ મોટર વ્હિકલનું રજીસ્ટ્રેશન બંધ કરી દેવાયું છે. અંડર સેક્રટરી ધારકાત આર લુઈકાંગે ૧૮મી એપ્રિલના રોજ તમામ રાજ્યોના ટ્રાન્સપોર્ટ કમિશ્નરોને મીટીંગમાં લેવાયેલા નિર્ણયો અંગે જાણ કરી દીધી હતી. એપ્રિલ ૧ સુધીમાં તમામ વાહનોને હાઈ સિક્યોરીટી રજી.પ્લેટથી સજ્જ કરી દેવાના હતા.

## તુણમુલ કોગ્રેસે ભાજપના ગુંડાઓ દ્વારા કોલકોતામાં હિંસા આચરાઇ હોવાના વીડીયો પ્રુફ રજુ કર્યા

કોલકોતામાં અમિત શાહના રોડ શો વખતની હિંસાના સંદર્ભમાં ટીએમસી પ્રેરિત આ હિંસા હોવાનો દાવો કરતાં કેટલાક વીડીયો પુરાવા ભાજપે રજુ કર્યા તો તેની સામે તુણમુલ કોગ્રેસે પણ વીડીયો પ્રુફ આપીને ભાજપને ભીડવવા માટે કોશીશ કરી હતી.ટીએમસીએ આ સાથે એવી વોટ્સએપ ચેટ પણ જાહેર કરી છે કે જેમાં લોકોએ અમિત શાહના રોડ શોમાં હથિયારો સાથે લાવવા કહેવાયું હોય.આ ઉપરાંત ટીએમસીએ એવો દાવો કર્યો હતો કે ભાજપ દ્વારા આ રોડ શો દરમિયાન ભાડુતી ગુડાઓ રાખવામાં આવ્યા હતા. ટીએમસી નેતા ડેરેક ઓબ્રાયને એક વીડીયો જારી કર્યો હતો અને દાવો કર્યો હતો કે ભાજપના ગુંડાઓએ ૧૯મી સદીના ફિલોસોફર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાં તોડી નાંખી છે.બંગાળની બહારથી આવેલા અમિત શાહના ગુંડાઓએ આ હિંસા આચરી હતી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


## નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ટેક્સબેઝ વધવાને બદલે ઘટ્યો :ઇન્કમટેક્સ ઇ-ફાઇલીંગમાં ૬.૬ લાખથી વધુનો ઘટાડો

ટેક્સ ફાઈલિગ્સના તાજેતરના ઈતિહાસમાં પહેલી વખત નાણાંકીય વર્ષ ૨૦૧૯માં ઈન્કમટેક્સ ઈ-ફાઈલીંગ્સમાં ૬.૬ લાખથી વધુનો ઘટાડો નોધાયો છે.નોટબંધી બાદ કરપાયો વધવાની અપેક્ષા હોવા છતાં ઘટાડાનું આ ટ્રેન્ડ આશ્ચર્યજનક હોવાનું મનાઈ રહ્યું છે. આમ નરેન્દ્ર મોદી સરકારની નોટબંધીના પગલાં છતાં પણ ઈ-ફાઈલર્સની સંખ્યા વધી નથી.

આવકવેરા વિભાગના -ફાઈલીંગ વેબસાઈટ પર મુકવામાં આવેલી આંકડાકીય માહિતી મુજબ વર્ષ ૨૦૧૮-૧૯માં ઈન્કમટેક્સ ઈ-ફાઈલીંગનું પ્રમાણ અગાઉના નાણાંકીય વર્ષના ૬.૭૪ કરોડથી ઘટીને ૬.૬૮ કરોડ રહ્યુ હતું. ૨૦૧૬-૧૭માં ઈ-ફાઈલર્સનું પ્રમાણ ૫.૨૮ કરોડનું હતું.કોટક ઈકોનોમિક રિસર્ચે એક રિપોર્ટમાં જણાવ્યુ હતું કે અમે આવકવેરાના ઈ-ફાઈલીંગ્સના પ્રમાણમાં ઘટાડાથી આશ્ચર્યચકિત છીએ. જો ખરેખર ફાઈલિગ ઘટ્યા છે તતો નાણાકીય વર્ષ માટે ચિંતાની બાબત છે કેમકે હવે તો કોમ્પેન્સેટરી એક્સપેન્ડીચર તરફ તેનું ફોકસ કર્યુ છે.કોટકે જણાવ્યુ હતું કે જો કરપાલનનું પ્રમાણ નબળું રહ્યું તો નવી સરકાર નાણાંકીય વર્ષમાં ફાઈલીગ્સ અને કલેકશન્સમાં વધારાનો હેતું નક્કી કરશે.નોટબંધી દરમિયાન થાપણો અંગેના ડેટાનો યોગ્ય રીતે ઉપયોગ કરાયો હોત તો તેનાથી કરપાલનમાં વધારો થઈ શક્યો હોત, ખાસ કરીને ઉંચી આવકમાં તેમાં વધારો શક્ય હતો.

## યાત્રાધામ બોર્ડ માત્ર હિંદુ સ્થાનો માટે કેમ, અન્ય ધર્મો માટે કેમ નહીં : હાઇકોર્ટનો સરકારને વેધક સવાલ

રાજ્ય સરકારે રચેલા પવિત્ર યાત્રાધામ બોર્ડમાં માત્ર હિંદુ ધર્મના જ ધાર્મિક સ્થળોનો નહીં બલ્કે બધા જ ધર્મના સ્થળોનો સમાવેશ કરવાની દાદ માંગતી રજી હાઈકોર્ટમાં થઈ છે. આ રિટ પરની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટકોર કરી હતી કે તમે એક ધર્મના ધાર્મિક સ્થળો માટે નહીં બધા માટે કરવું જોઈએ. આવું કેમ નથી કર્યું તે અંગેના ખુલાસા સાથેની એફિડેવીટ ફાઈલ કરવા। રાજ્ય સરકારને હાઈકોર્ટે આદેશ આપીને વધુ સુનાવણી ૧૪ જુન પર મુકરર કરી છે.

અરજદાર સામાજિક સંસ્થા તરફથી એવી રજુઆત કરાઈ હતી કે ગુજરાત પવિત્ર યાત્રાધામ બોર્ડની રચના ૧૯૯૫માં કરવામાં આવી હતી. આ બોર્ડ સમાવિષ્ટ કરેલા ધાર્મિક સ્થળો માત્ર એક જ ધર્મના છે. પવિત્ર યાત્રાધામ બોર્ડમાં જે સંસ્થાની નોધણી થઈ હોય તેમને સરકાર તરફથી આર્થિક મદદ કરવામાં આવે છે. એટલે સુધી કે લાઈટનું બીલ પર સરકાર ભરે છે.આ બોર્ડમાં સમાવિષ્ટ ૩૫૮ જેટલાં ધાર્મિક સ્થળો માત્ર હિંદુ ધર્મને લગતા છે.બિનસાંપ્રદાયિક દેશમાં સરકાર તરફથી કોઈ એક ચોક્કસ ધર્મ માટે પ્રજાના પૈસાની ફાળવણી અયોગ્ય હોવાની રજુઆત કરાઈ હતી. સરકાર કોઈ એક ધર્મ માટે પૈસાની ફાળવણી ન કરી શકે અને ધર્મના આધારે આ પ્રકારની ફાળવણી ગેરબંધારણીય હોવાનું જણાવ્યુ હતું. સરકારે જો યાત્રાધામોનો વિકાસ જ કરવો હોય તો તમામ ધર્મના યાત્રાધામોનો પણ વિકાસ કરવાની જવાબદારી સરકારની છે. અરજદારો કોર્ટમાં દાવો કર્યો હતો કે આ બોર્ડમાં બીજા ધર્મોના ધાર્મિક સ્થળોનો સમાવેશ કરવો જોઈએ તેવી દાદ માંગી હતી.આ કેસની સુનાવણી વખતે હાઈકોર્ટે અવલોકન કર્યુ હતું કે તમે આ કામો એક ધર્મ માટે ન કરી શકો, તો બધા ધર્મો માટે કરો.

## વાહનોમાં હાઇસિક્યુરીટી રજીસ્ટ્રેશન પ્લેટ લગાવવાની છેલ્લી મુદત૩૧ મે,૨૦૧૯ની રહેશે ત્યારબાદ દંડાત્મક કાર્યવાહી કરાશે

રાજ્યમાં રસ્તા પર દોડતા જુના વાહનોમાં હાઈ સીક્યોરીટી રજીસ્ટ્રેશન પ્લેટ લગાવવી ફરજીયાત કરાયા બાદ પણ હજુ સુધી લોકોમાં તે અંગેની જાગૃતતા આવી નથી.હાલમાં પણ લાખો વાહનોમાં એચએસઆરપી નંબરપ્લેટ લગાવવાની બાકી છે. અત્યાર સુધીમાં રાજ્યના ૩૮ લાખ વાહનો માં આ નંબર પ્લેટ લાગી છે. અને હજુ લાખો વાહનોમાં તે બાકી છે અને તેઓ જુની નંબર પ્લેટ પર ફરી રહ્યા છે.આ પ્રકારની નંબર પ્લેટ લગાવવા માટે સરકારે ૩૧ મે છેલ્લી તારીખ નક્કી કરી છે ત્યારબાદ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

મળેલ માહીતી અનુસાર રાજ્યમાં વાહનો પર જુની નંબર પ્લેટના બદલે એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાનો નિર્ણય લેવાયા બાદ સરકાર ઢગલાબંધ વખતે મુદતોમાં વધારો કર્યો છે. પરંતુ લોકોમાં આ બાબતે જાગૃતિ આવી નથી. હાલમાં રાજ્યમાં લાખો વાહનોમાં આ નંબર પ્લેટ લગાવાઈ નથી અને ફેબ્રુઆરી ૨૦૧૯ સુધીમાં રાજ્યમાં ૩૬.૮૭ લાખ વાહનો માં એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરવામાં આવી હતી.

ત્યારબાદ માર્ચ માસમાં માત્ર ૬૮ હજાર વાહનોમાં આ નંબર પ્લેટ લાગી હતી. અને એપ્રિલમાં આ આંકડો ઘટીને માત્ર ૪૪ હજાર પર આવી અટક્યો હતો.આમ કુલ ૩૮ લાખ વાહનોમાં અત્યાર સુધી આ પ્રકારની નંબર પ્લેટ લાગેલી છે.

અમદાવાદમાં સુભાષબ્રીજ પાસે આવેલી આરટીઓ ઓફીસમાં ૪.૯૦ લાખ વાહનો માં આ નંબર પ્લેટ ફીટ કરાઈ છે. જ્યારે બાવળામાં ૨૦ હજાર,વસ્ત્રાલમાં ૧.૧૭ લાખ નંબર પ્લેટ લગાવાઈ છે.અન્ય શહેરોમાં૩.૪૩ લાખ વાહનોમાં આ નંબર પ્લેટ ફીટ કરાઈ છે.

જાહેરજનતા આ બાબતે જોઈએ તેટલી સજાગ નથી તેથી આ કામ જોઈએ તેટલુ આગળ વધ્યું નથી.જાગૃતિ લાવવી જરુરી છે.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# કોઇ દેશ એકલો ન રહી શકે અને દરવાજા બંધ ન કરી શકે : જિનપિંગ ચીની પ્રેસિડેન્ટ



વર્તમાન સમયમાં કોઈપણ દેશ પોતાને વિશ્વથી અલગ કરી શકતો નથી. એમ કરીને ચીનના પ્રેસિડેન્ટ શી જિનપિંગે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર પ્રહાર કરતાં કહ્યુ હતું કે સાંપ્રત સમયમાં કોઈ એક સભ્યતાની સર્વ શ્રેષ્ઠતામાં વિશ્વાસ મુકવો તે મુર્ખતાભર્યું છે.કોઈપણ સભ્યતા બીજી સભ્યતાથી સર્વશ્રેષ્ઠ નથી.કોઈપણ દેશ ન તો એકલો અટુલો રહી શકે કે ન તો સમગ્ર વિશ્વ માટે પોતાના દરવાજા બંધ કરી શકે. ચીનની પ્રોડક્સ ઉપર અમેરિકાએ ટેરિફ વધારીને ૨૫ ટકા કરી.ત્યારબાદ શી જિનપિંગનું આ નિવેદન આવી પડ્યું છે.અહીં ડાયલોગ ઓફ એશિયન સીવીલાઈઝેશન વિષયે આયોજીત કોન્ફરન્સમાં શરુઆતના સત્રમાં બોલતાં શી જિનપીંગે આમ જણાવ્યુ હતું.

# અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોરના પગલે વિશ્વના તમામ બજારોમાં રેડ એલર્ટ અને ગભરાટ વ્યાપ્યો

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગેંગ શુઆંગે કહ્યુ હતું કે ચીન ક્યારેય વિદેશી કે બાહ્ય દબાણોને વશ થશે નહીં.અમે અધિકારો અને હિતોની જાળવણી માટે લડીશું. ટેરીફ લાદવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં. બંને દેશોએ સમજદારી દાખવીને બંનેના હિતો જળવાય તેવા વેપાર કરાર કરવા પડશે.ચી અને યુએસ જેવી બે મહાસત્તાઓ વચ્ચે ટ્રેડ વોર છેડાયા પછી વિશ્વના તમામ બજારોમાં રેડ એલર્ટ અને ગભરાટની લાગણી પ્રવર્તી રહી છે.નિષ્ણાતોએ ચેતવણી ઉચ્ચારી છે કે આને કારણે વૈશ્વિક ઈકોનોમીનો ગ્રોથ રુંધાશે અને વિશ્વ વેપાર ડામાડોળ બનશે.ઓઈલ જેવી ચીજવસ્તુઓની માંગ ઘટશે. ભારતીય શેરબજાર ૪૫૦ પોઈન્ટ તુટી ગયું અને રોકાણકારોના ૧.૨૪ લાખ કરોડ રુપીયા ડુબી ગયા. આગામી સમયમાં પણ વૈશ્વિક શેરબજાર અને અર્થતંત્ર ઉપર તેની માઠી અસરો જોવા મળશે.અમેરિકામાં પણ આ ઘટનાના તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા હતો.ડાઉ જોન્સ ખુલતાની સાથે જ ૧.૮ એટલે કે ૪૬૦ પોઈન્ટ ગગડ્યો હતો.યુરોપના બજારોમાં ગભરાટ હતો.લંડનમાં પણ ફટસી ૧૦૦ પોઈન્ટ ઘટ્યો હતો. પેરિસ માર્કેટમાં ૧ ટકાનો ઘટાડો થયો હતો.

ટ્રમ્પે ચીનને આપેલ ખુલ્લે આમ ધમકીને કારણે ૨૦૨૦ સુધીમાં અમેરિકા સાથે ટ્રેડ સમજુતી કરવા માટે ચીનને ફરજ પડી શકે છે.૨૦૨૦ની ચુંટણીમાં પણ હું જ ચુંટાઇ આવવાનો છું.૨૦૨૦ પછી તમારા હાથમાંથી બાજી સરકી ગઈ હશે અને સ્થિતિ વધુ વણસી શકે છે.જો જિનપિંગ વેપાર કરાર કરવા ઈન્કાર કરશે તો પછી યુએસની ડ્યુટીથી બચવા ચીન સાથે બિઝનેસ કરવા કોઈ દેશ તૈયાર નહીં થાય. ચીનમાં કામ કરતી કંપનીઓએ બીજા દેશમાં ચાલી જશે.પરિણામે ચીન માટે ખરાબમાં ખરાબ સ્થિતિ સર્જાઈ શકે છે.જો કે અમેરિકા માટે વધુ સારી સ્થિતિ સર્જાશે. ટ્રમ્પે આ માટે ગયા વર્ષે ટેરિફથી બચવા ફોર્ડ કાર કંપનીએ ચીનમાં કામ નહીં કરવાનો અને બીજા દેશમાં જવાનો નિર્ણય લીધો હતો તેનુ ઉદાહરણ આપ્યું હતું.ટ્રમ્પે કહ્યુ હતું કે ચીન અમેરિકા સાથે એક સરસ વેપાર સોદો કરવાના આરે હતું. પણ મંત્રણાઓમાંથી ખસી જવાનથી તેને ભારે નુકશાન વહોરવું પડશે. ચીનમાં કામ કરતી અમેરિકાની કંપનીઓ જહોન ડેર અને કેટરપિલરને પણ ટ્રમ્પે આ રીતે માઠા પરિણામો માટે તૈયાર રહેવા ગર્ભિત ધમકી આપી હતી. આમ ટ્રમ્પની ધમકી પછી ચીને યુએસની ૬૦ અબજ ડોલરની ચીજો પર ડ્યુટી લાદવા નિર્ણય લીધો હતો.

# દિલ્હી કોર્ટમાંથી સીબીઆઇએ બોફોર્સ કટકીકાંડનો કેસ પાછો ખેચી લીધો



સીબીઆઇ દ્વારા બોફોર્સ કટકીકાંડ અંગેનો કેસ પાછો ખેચી લેવા કોર્ટ પાસે રજા માંગી હતી.રુ.૧૪૩૭ કરોડની બોફોર્સ તોપ ખરીદી ભારત અને સ્વીડીસ આર્મ મેન્યુ. એ.બી.બોફોર્સ વચ્ચે થઇ હતી. જેમાં૪૦૦ ૧૫૫ એમએમ હોવીત્ઝર ગન્સ માટેનો આ વેચાણ કરાર હતો. જે ભારત સેના માટે ખરીદી માટે તા.૨૪ માર્ચ,૧૯૮૬માં ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો.

સીબીઆઈએ દિલ્હી કોર્ટમાં કેસ પાછો ખેચવા માટેની અરજી આપીને કેસ પાછો ખેચી લીધો હતો.જેમાં ૬૪ કરોડની દલાલી ચુકવાઇ હોવાની શંકાને કારણે આ મામલો ચગ્યો હતો.સીબીઆઇ તરફથી ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ નવીન કુમાર કશ્યપને જણાવ્યુ હતું કે તેઓ એ બોફોર્સ કેસ અંગેની દાખલ કરેલી તા.૧-૨-૧૮ની અરજી પરત લેવા માંગે છે.આ અરજી દાખલ કરતી વેળાએ સીબીઆઇ તરફથી કહેવામાં આવ્યુ હતું કે નવા મળેલા પુરાવાને કારણે અમારે ફરીથી આ કેસને દાખલ કરવો પડે છે.પરતું અમે હવે આ અરજીને પાછી ખેચી લેવા માંગીએ છીએ.સીબીઆઇએ પોતાની અરજી પાછી ખેચી લેવાની અરજી સામે સ્જજે જણાવ્યુ હતું કે સીબીઆઇ પોતે આ અંગે બધું જાણે છે અને તેઓ જ અરજદાર હોવાથી તેમને કેસ પાછો ખેચી લેવાનો અધિકાર છે.કોર્ટે ડિસેમ્બર ૪,૨૦૧૮ના દિવસે આ અરજી બાબતે સવાલ કરતાં સીબીઆઇ તરફથી જણાવાયું હતુંકે સીબીઆઇએ સુપ્રીમ કોર્ટમાં ૨-૨-૧૮ના રોજ આ બાબતે અપીલ ફાઇલ કરેલી છે. જે મે ૩૧,૨૦૦૫ મા દિલ્હી હાઇકોર્ટે દ્વારા આપવામાં આવેલા વર્ડીક કે જેમાં તમામ આરોપીઓને છોડી મુકવામાં આવ્યા હતા.કોર્ટે ૨-૧૧-૧૮ના રોજ સીબીઆઈની અપીલ ડીસમીસ કરતાં કહ્યુ હતું કે ૧૩ વર્ષના ડીલે બાદ હાઇકોર્ટના ઓર્ડર સામે અપીલ ફાઇલ કરવાનો શું મતલબ છે.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે કોર્ટ તમારી સાથે સંમત થતી નથી કારણકે ૪૫૦૦ દિવસ સુધી તમે અરજી ફાઇલ કરવા માટે રાહ જોઈને સમય વેડફયો છે.

આ કેસની પ્રથમ ચાર્જશીટ ૨૨ ઓક્ટો.૧૯૯૯ ચડ્ડા,ઓટ્ટાવીયો ક્વોટચી,ભુતપુર્વ ડિફેન્સ સેક્ટરી એસ.કે. ભટનાગર,અરડો અને બોર્ફોસ કંપની સામે કરવામાં આવી હતી.ત્યારબાદ સપ્લીમેન્ટરી ચાર્જશીટ હિન્દુજા બ્રધર્સ-,એસ.પી હિન્દુજા,જી.પી.હિન્દુજા અને પીપી.હિન્દુજા સામે ઓક્ટો.૯,૨૦૦૦માં કરવામાં આવી હતી.સ્પેશીયલ સીબીઆઇ કોર્ટે,દિલ્હી માર્ચ૪,૨૦૧૧માં ક્વોટ્ચીને કેસમાં મુક્ત કર્યો હતા.એમ કહેવામાં આવ્યુ હતું કે દેશ આની પાછળ દેશના પૈસા બરબાદ કરવા યોગ્ય નથી. કારણકે કેસની તપાસ અને અન્ય કાર્યવાહી પાછળ રુ.૨૫૦ કરોડનું આંધણ કરવામાં આવ્યુ હતું. જ્યારે કેસનો મુદ્દો ૬૪ કરોડની દલાલીનો હતો.

ક્વોટચી ભારતમાંથી ૨૯-૩૦ જુલાઇ ૧૯૯૩માં ભાગી છુટ્યા હતો. અને ક્યારેય કોર્ટમાં હાજર રહ્યા નહોતા.તેઓ જુલાઇ ૧૩,૨૦૧૩માં મૃત્યુ પામ્યા હતા.આ ઉપરાંત કેસમાં સંડોવાયેલા ભટનાગર,અર્ડબો અને ચડ્ડા પણ મૃત્યુ પામ્યા હતા.તેથી કેસની હવે કોની તપાસ કરીને શુ કરવાનું તે નક્કી થઈ શકે તેમ નહોતું.

બોફોર્સના ભુતે ચુંટણીઓ વખતે ભાજપે હથિયાર બનાવીને કોંગ્રેસને હેરાન કરવા માટેનો મુદ્દો બનાવ્યો હતો.હવે જ્યારે સીબીઆઈએ આ કેસ પાછો ખેચી લીધો છે તેથી આ મેટર ઓવર થાય છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.